GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

# ગુજરાતી સાહિત્યમાં પ્રગટેલી દલિત ચેતના

ડૉ. અશ્વિનકુમાર યુ. પટેલ
એસો. પ્રોફેસર–ગુજરાતી વિભાગ
આર્ટ્સ, કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ, ખંભાત
તા. ખંભાત, જિ. આણંદ
Mo: 9426333925
Email:-aupatel1973@gmail.com

ભારતીય સંસ્કૃતિ એ વર્ણાશ્રમ ઉપર ટકેલી આર્ય સંસ્કૃતિ છે, અને આ સંસ્કૃતિએ વર્ણવ્યવસ્થાને પોષવાનું કામ કર્યું છે. જેમાં ધર્મ, કર્મ વગેરેનું પોત– પોતાનું ભિન્ન–ભિન્ન મહત્વ રહ્યું છે અને સદીઓથી જાતિભેદ, જ્ઞાતિભેદ, લિંગભેદ ધર્મભેદ ઊંચનીચનો ભેદ જેવા અમાનવીય અને અવ્યહારુ વર્તન ધર્મના નામે કાચા નિંભાડે ચઢીને પાકા થઇ ગયા. પ્રાચીન સમયમાં વેદ– ઉપનિષદમાં માણસ કરતાં શ્રેષ્ઠ બીજું કઇ નથી એવું કહેનારા વેદવ્યાસે ચાર વર્ણો, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રની વાત કરીને વર્ણ વ્યવસ્થામાં સૌથી છેલ્લા સ્થાને શૂદ્રને મૂક્યો છે. પીડિતજન માટે શૂદ્ર શબ્દ મળે છે. જે અતિ શુદ્ર, ચાંડાલ, દસ્યુ, અસૂર પંચમથી ઓળખાય છે. ભારતમાં દલિત શબ્દનો પ્રયોગ લગભગ સો વર્ષ પહેલાંથી થતો રહ્યો છે. ત્યારથી આ શબ્દની વ્યુત્પત્તિ તથા પ્રયોગ વિશે વિદ્વાનોમાં અનેક મતમતાંતર જોવા મળે છે. સમાજમાં સાહિત્યમાં તથા રાજકારણમાં તેમજ જીવનના વિવિધ ક્ષેત્રોમાં દલિત શબ્દ વિવાદાસ્પદ અને વિશેષ ઉલ્લેખનીય રહ્યો છે. 'દલિત' શબ્દનો પ્રથમ પ્રયોગ કોણે કર્યો એ વિશે સર્વસંમતી નથી. પરંતુ આ સંજ્ઞાનો પ્રથમ પ્રયોગ અંગે જે મત પ્રાપ્ત થાય છે તે આ પ્રમાણે છે.

"દલિત શબ્દની વ્યુત્પત્તિ સંસ્કૃત ધાતુ दल માંથી થઇ છે. દલિત શબ્દ दल ધાતુ+ङ्कत પ્રત્યય મળીને બન્યો છે. જેનો શાબ્દિક અર્થ છે. તૂટેલું, ફાટેલું, ચીરાયેલું ટૂકડે–ટૂકડા થયેલું ફેલાયેલું दल ધાતુનો એક અર્થ થાય છેઃ ટૂકડા કરવા, વિધી નાખવું. दल એટલે વિકસવું ખંડિત થવું. આ ઉપરથી दलित हरदयंगाठो दवेभ दविधा तु न विश्वते । અર્થાત્ "વેદનાઓના કારણે હૃદયના ટૂકડા થાય છે, પરંતુ નાશ નથી પામતું તે દલિત."[૧]

દલિત શબ્દના જુદા–જુદા શબ્દકોશમાં વિભિન્ન અર્થ આપવામાં આવ્યા છે. સાર્થ જોડણીકોશ મુજબ દલિત શબ્દનો અર્થ દબાયેલું, કચડાયેલું, પીડિત (પૃ.૪૩૫), હરિજન–હરિનો વિષ્ણુનો માણસ,

GYANBODH
ISSN:3048-9792
**Volume:** 2
**Issue:** 1
January-February-2025

હરિનો ભક્ત (પૃ.૮૮૩) ઢેડ– એ નામની એક અંત્યજ જાતનો માનવી પૃ. ૩૮૯) વગેરે જેવા ભિન્ન અર્થો મળે છે.

ભગવદ્ગોમંડલ અનુસાર 'દલિત' શબ્દનો અર્થ (૧) એ નામની મેમણ અને વોરાની એક અટક, (૨) એ નામની અટકનું માણસ, (૩) એ નામની અટકનું (૪) ચૂર્ણિત, દળેલું, તોડેલું ચિરાયેલ, તૂટેલ **(૫)** છૂંદેલું (૬) નાશ કરવામાં આવેલું (૭) પીડિત ચગદાયેલું, કચરાયેલું (૮) રંક, ગરીબ (૯)વિકસેલ, ખીલેલ, ઉઘડેલ (૧૦) હલકુ અધમ.[૨]

'દલિત પેંથર'ના મતાનુસાર અમેરિકામાં 'નિગ્રો' મુક્તિ **માટે** રચાયેલા 'બ્લેક પેંથર'ની પ્રેરણાથી ૧૯૭૨માં 'દલિત પેંથર'ની સ્થાપના થઇ ત્યારથી દલિત શબ્દ વિશેષ પ્રચલિત થયો.[3]

ડૉ. બાબાસાહેબ આંબેડકરે 'દલિત' શબ્દ અસ્પૃશ્ય શબ્દના સ્થાને અપનાવ્યો. એમણે અસ્પૃશ્ય શબ્દની જે વ્યાખ્યા 'The Untouchable' નામના ગ્રંથમાં આપી છે. એનાથી એ ખ્યાલ સ્પષ્ટ થાય છે ડૉ. આંબેડકરે ગિરીજન, વિમુક્ત જાતિઓ, અપરાધી જાહેર કરવામાં આવેલ જાતિઓ અને અસ્પૃશ્ય આ ત્રણેય સમુદાયોને દલિત કહ્યા છે. આમ 'દલિત' શબ્દમાં શોષિત, પીડિત અને આર્થિક દૃષ્ટિએ દુર્બળ એ બધા વર્ગોનો સમાવેશ થાય છે. ડૉ. આંબેડકરે 'અસ્પૃશ્ય' શબ્દ માટે Depressed Classes, Scheduled Casts પ્રયોગ કર્યો છે. ઇ.સ. ૧૯૩૬ પછી Scheduled castesનો પ્રયોગ થાય છે. ભારત સરકાર દ્વારા આ શબ્દ પ્રયોગ થાય છે આ પહેલા મહાત્મા ગાંધી દ્વારા હિરજન' અને સરકાર દ્વારા Depessed Classes કહેવામાં આવતું હતું. આથી કહી શકાય કે બધા શબ્દ પ્રયોગ સમાનાર્થી છે. આમ દલિત અને અસ્પૃશ્ય પર્યાયવાચી છે. પરંતુ સમયાંતરે 'દલિત' શબ્દનો અર્થ પરિઘ વિસ્તાર થતો **રહ્યો** છે. તેમાં અસ્પૃશ્યો જ નહીં સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક રીતે પછાત વર્ગોનો પણ સમાવેશ થાય છે. જેઓ શોષિત પીડિત કચડાયેલા છે. એવા બધા દલિત વર્ગમાં સામેલ ગણાય છે.

દલિત સાહિત્ય એ માનવતાનું સાહિત્ય છે. આ સાહિત્ય વ્યક્તિને વિશ્વમાનવી બનવાની શીખ આપે છે. અદના આદમીની લાગણી અને તેની ભાવનાને વાચા આપે છે. દલિત સાહિત્ય વર્ણવ્યવસ્થાના વિરોધમાં અત્યાચાર, અન્યાયના ઇન્કારમાં અને વિદ્રોહમાં અવતરણ પામ્યું છે. દલિતસાહિત્યના કેન્દ્રમાં `માનવ' છે. દલિતસાહિત્ય એ અર્વાચીનયુગનો અવિર્ભાવ છે. દલિત પીડિત, શોષિત જનની ભાવનાઓનું પ્રતિબિંબ છે. યુગોથી દબાયેલા, કચડાયેલા, તિરસ્કાર પામેલા, હડધૂત થયેલા અછૂત સમાજ જીવનની અભિવ્યક્તિ છે. નવી ચેતનાનો ઉઘાડ છે. દલિત સાહિત્યને સમજવા માટે તેના સાહિત્યનું ભાવન અનિવાર્ય **બને** છે. આ દલિત સાહિત્ય સાચા અર્થમાં અનેક પ્રકારની ખોટી ભ્રામક

GYANBODH

ISSN:3048-9792

**Volume:** 2

**Issue:** 1

January-February-2025

માન્યતામાંથી બહાર કાઢવાનું કામ કરે છે. અને આત્મસન્માનની ભાવના ઊભી કરવાનું કામ કરે છે. તથા મનુષ્યને બંધિયાર દિવાલમાંથી મુક્ત કરે છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરે ‘મૂકનાયક’ નામના પાક્ષિકના પ્રકાશનનો પ્રારંભ ૩૧ જાન્યુઆરી ૧૯૨૦ના રોજ કર્યો હતો. જેના પર સંત તુકારામનો આ અભંગ હતો.

काय करुं आता, धरुनिया भीड निशंक है तोड वाजविले

नवहे जगी कोणीं मुकियाया जाणं, सार्थक लाजून नव्हे हित

અર્થાત્ “હવે લાજ–શરમ રાખીને **શું** કરું? મેં મોં ખોલ્યું છે તો નિઃસંદેહ બોલીશ જ. મૂક અને નિર્બળ લોકોનું સંસારમાં કોઇ છે જ નહીં, એ જાણીને જ મેં આ કાર્ય કર્યું છે.” મૂકનાયકના માધ્યમથી અસ્પૃશ્ય અને બહિષ્કૃત જનતાના રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો માટે ડૉ. આંબેડકરે સંઘર્ષની શરૂઆત કરી જે સાહિત્યિક પ્રેરણા, સંઘર્ષ અને ક્રાંતી હતી આજે જે દલિત સમાજમાં ક્રાંતિકારી વૈચારિક પરંપરાનું ઘડતર થયું છે એનું શ્રેય ડૉ આંબડેકરને ફાળે જાય છે. ઇ.સ. ૧૯૫૬માં દલિતોના તારણહાર અને પ્રેરણામૂર્તિ એવા ડૉ. આંબેડકરના અવસાને સમગ્ર ભારતને આઘાત પહોંચાડયો. ખાસ કરીને દલિત વર્ગ પર એની ઘેરી અસર થઈ તેમણે આંબેડકરને અંજલી આપવા માટે અનેક અંજલિ કાવ્યો રચ્યા. અને આ કાવ્યો રચનારા કોઈ સિદ્ધહસ્ત કવિઓ નો‘તા. આ અંજલિ કાવ્યોનું સંપાદન ડૉ. રમેશચંદ્ર પરમારે ‘અંજલિ' નામે કર્યું અને અહીંથી દલિત કવિતાનો પ્રારંભ થયો એમ કહી શકાય. આ ઉપરાંત મરાઠી દલિત સાહિત્યના આંદોલનની અસર ગુજરાતી ભાષા પર પડી જેને કારણે ગુજરાતી દલિત સાહિત્ય અંગેની સભાનતા આવી. ઇ.સ. ૧૯૫૨માં ‘મનોર ગાંગેરા’ નામના એક દલિત યુવાને ‘આંતર વેદના’ કાવ્યમાં પોતાની સંવેદના વ્યક્ત કરી છે ને લખ્યું છે.

“હડધૂત થઇ હળવો પડ્યો, જીવન પશુના તુલ્ય છે.

અવતાર લીધો હિંદમાં, એ શું અમારી ભૂલ છે ?[૪]

ગુજરાતના કેટલાક સામયિકો દલિત સાહિત્યને એક નવી દિશા આપી જેમાં નાગજીભાઇ આર્યના, ‘દલિત–ગુજરાત' અને જેઠાલાલ જાદવના ‘આર્તનાદ’ જેવા સામયિકોમાં દલિતોના દુ:ખ દર્દ વિશે કવિતાઓ પ્રગટ થતી હતી. પરંતુ ગુજરાતી દલિત સાહિત્યમાં ‘દલિત પેન્થર'ના પ્રમુખ ડૉ. રમેશચંદ્ર પરમારે ઇ.સ. ૧૯૭૫માં ‘પેન્થર’નામનું સામયિક શરૂ કર્યું. જેને ગુજરાતી દલિત સાહિત્યનું ઉદ્દ્ભવ બિંદુ કહી શકાય. જેમાં આંબેડકરવાદી વિચારધારાને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું અને એ વિચારધારાને વેગવંતી બનાવી. જો કે દલિત સાહિત્યનો ખરેખરો પ્રાદુર્ભાવ ૧૪ એપ્રિલ ૧૯૭૮માં

કવિતાના સામાયિક આક્રોશ' દ્વારા થાય છે. જેના તંત્રી સ્થાને દલિત લેખક અને અગ્રણી કર્મશીલ ડૉ. રમેશચંદ્ર પરમાર છે અને તેનું સંપાદન કરનાર દલિત કવિઓ નીરવ પટેલ, દલપત ચૌહાણ, પ્રવીણ ગઢવી અને યોગેશ દવે વગેરે સંકળાયેલા હતા. જેમાં અપમાન, અત્યાચાર અન્યાય, તિરસ્કાર, ધૃણા, દુ:ખ, દર્દ, વેઠ–વૈતરું, અસ્પૃશ્યતા ગરીબી, લાચારી ઓરમાયું વર્તન વગેરે સામેના આક્રંદને વાચા મળે છે. આક્રોશના સંપાદક કવિઓ નોંધે છે કે:– "અમારે સાળ, સાવરણો કે ``આરી–છરી ફગાવીને કવિ બનવું પડ્યું છે. અમારા શબ્દોમાં પ્રગટતો પ્રકોપ આખરે તો વેદનાનું જ બીજું નામ છે.''[૫] આ ઉપરાંત ઈ.સ. ૧૯૭૯ શરૂ થયેલું સામયિક 'કાળો સૂરજ'માં દલિત કવિઓની રચનાઓને વાચા મળી અને વ્યાપક પ્રમાણમાં એમનો પ્રચાર પ્રસાર થયો.અને પછી તો દલિતબંધુ, દલિતમિત્ર, નયામાર્ગ, તરસ, સ્વમાન, લગામ, દલિતમુક્તિ દલિતચેતના હયાતી ઈત્યાદિ સામયિકો પ્રગટ થયા. અને એમાં કવિતાઓ તથા સાહિત્ય પ્રગટ થતું ગયું. તો તાદર્થ્ય, પરબ, શબ્દસૃષ્ટિ, બહુજન પરિચય, હયાતી, વગેરે વિશેષાંકોએ દલિત સાહિત્યના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપ્યું. આમ ગુજરાતી દલિત સાહિત્યનો ઉદ્ભવ પદ્યમાં થયો અને વિસ્તરતો રહ્યો. અને પુરસ્કાર રૂપે વિવિધ કાવ્યસંગ્રહો પણ પ્રગટ થયા જેમ કે કેશરિયા ટશરનું આકાશ' મધુકાન્ત કલ્પિત તળેલી જયંત પરમાર 'દ્વિદલવત્તા' પથિક પરમાર વગેરેના કાવ્યગુચ્છ ધ્યાનપાત્ર બની રહે છે. ૧૯૮૧ ના અનામત રમખાણો પછીથી ઉપલા વર્ગોની ખોખલી સહાનુભૂતિ જાહેર થઇ ગઇ અને ગુજરાતના 'લોકાયન' દ્વારા ગણપત પરમાર અને મનીષી જાનીએ સંપાદિત કરેલો 'દલિત કવિતા'નો પ્રથમ સંગ્રહ પ્રગટ થયો **તો** ૧૯૮૪માં 'નયામાર્ગ' દ્વારા 'અસ્મિતા' નામનો એક ચંદુ મહેરિયા દ્વારા સંપાદિત થાય છે અને ત્યારબાદ દલપત ચૌહાણ, હરીશ મંગલમ, પ્રવીણ ગઢવી, સાહિલ પરમાર વગેરેએ તેમની સર્જનાત્મકતાથી ઉત્તમ દલિત કવિતાઓનું સર્જન કરે છે. **આ** ઉપરાંત બિન દલિત સર્જકોએ પણ દલિતસાહિત્યમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

ગુજરાતી દલિત સાહિત્યમાં પહેલીવાર ગદ્યનો પ્રયોગ કરનાર જોસેફ મેકવાન દલિત સાહિત્યમાં મહત્વની ભૂમિકા ભજવે છે. જેમાં રેખાચિત્રો વ્યથાનાં વિતક (૧૯૮૫) અને આંગળિયાત નવલકથા નોંધપાત્ર છે. આ રચનાઓ દ્વારા ગુજરાતી દલિત સાહિત્યમાં ગદ્યનો પ્રારંભ થાય છે અને ત્યારબાદ ગુજરાતી ગદ્ય દલિત સાહિત્ય સમૃદ્ધ થતું રહ્યું છે. અને દલિતોએ પોતાના સ્વમાનની રક્ષા કરવા માટેની મથામણમાંથી જન્મેલ આક્રોશ તેમણે અનેક રીતે વ્યક્ત કર્યો અને તે દલિત સાહિત્યના નામે ઓળખાયું.

સાંપ્રત પ્રવાહમાં દલિત સાહિત્યનું ખેડાણ વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં ખેડાવા લાગ્યું છે. દલિત સાહિત્યકારોની કલમ કવિતાથી વિસ્તરી નિબંધ, નવલકથા, નવલિકા આત્મકથા, જીવનકથા, લઘુકથા,

રેખાચિત્ર વગેરે સુધી વિસ્તરે છે. જો કે એમાં આત્મકથા સાહિત્ય પાછળથી શરૂ થાય છે. પરંતુ તે આવશ્યક અને અવકારપાત્ર છે. બી.કેશવરામ ‘પૂર્ણસત્ય’ લખે છે જેનો અનુવાદ થઇ વિદેશમાં પણ વંચાય છે અને અભ્યાસક્રમોમાં પણ સ્થાન પામે છે. જે દલિતસાહિત્યની આવશ્યકતા તેમજ માનવજીવન માટે ઉપયોગિતા સિદ્ધ કરે છે. “જો કે એય માનવું રહ્યું કે દલિત સાહિત્ય વેદના, નકાર અને વિદ્રોહનું સાહિત્ય છે. એનો અર્થ એવો નથી કે તેના વિધેયાત્મક વૃત્તિ કે દ્રષ્ટિનો અભાવ છે. બલ્કે દલિતસાહિત્યનું અંતિમ ધ્યેય તો એક ન્યાયી સમાનતા મૂલક અને સુસંવાદી સમાજ વ્યવસ્થા નિર્માણ કરવાનું છે. આ અર્થમાં દલિત સાહિત્ય એ આ ધરતી પરના છેલ્લામાં છેલ્લા માણસની ઉજળી આવતીકાલનું સાહિત્ય છે.[૬]

નવમા દાયકામાં ગુજરાતમાં અનામત આંદોલન થતાં દલિતો પર કાળો કેર વર્તે છે. અને દલિત લેખકોની સંવેદનશીલતા પર આઘાત લાગે છે અને એ જ અરસામાં ‘આંગળિયાત' જેવી દલિત યુવકને કેન્દ્રમાં રાખતી રચના મળે છે. જો કે એ જેટલી પરિપક્વ કથા બની તેટલી સમાજકથા બની શકવામાં સફળ ન રહી. પરંતુ આ જ વર્ષે જયંત ગાડીત `બદલાતી ક્ષિતિજ' સામંતશાહી વાતાવરણને બદલે લોકશાહિમાં વસતા એક દલિત યુવકને લઇને આવે છે અને ગુજરાતના સામાજિક રાજકીય વાતાવરણમાં KHAM પોલિટિક્સને પણ આલેખે છે. અને આ બે રચનાના પ્રભાવને કારણે ગુજરાતમાં એક તરફ ભાવનાવાદી અને બીજી બાજુ વાસ્તવવાદી દલિત રચનાઓનો દોર શરૂ થાય છે અને દલિત અને બિનદલિત બેઉ લેખકો આ પ્રકારની નવલકથા લખવા પ્રેરાય છે. ત્યારબાદ મલક’ દલપત ચૌહાણ, ‘કાળો અંગ્રેજ’ ચિનુ મોદી ‘અંધારું’ મણિલાલ હ. પટેલ વગેરેએ કરુણાન્ત હોવા છતાં દલિત ચેતનાની સક્રિયતાની નોંધ લેતી નવલકથાઓ બને છે. તો બીજી બાજુ મારી પરણેત્તર’ ‘મનખાની મિરાત’ જોસેફ મેકવાન, ‘તિરાડ’ હરીશ મંગલમ ‘શોષ' દક્ષા દામોદર વગેરેએ દલિત સ્ત્રી સંવેદનાઓને વાચા આપી છે.

ઉપરોક્ત સાહિત્યમાં પસાર થતા એક વાત નોંધનીય એ લાગે છે કે દલિત કે બિનદલિત લેખકો જ્યારે દલિત સંવેદનાઓ આલેખે છે ત્યારે પરિવેશ અને લોકબોલીનો અસરકારક વિનિયોગ તેઓ કરે છે. અને નારીચેતના ગ્રામચેતના દલિત ચેતના વગેરે મુદ્દાઓને અદકું મહત્વ આપીને પોતાના ભાવ આક્રોશને સાહિત્યિક અને સૌંદર્યાત્મક કલા તત્વમાં ઢાળ્યા છે. અને જે વિશેષ મહત્ત્વ ધરાવે છે. દલિત સાહિત્ય પાસે પોતાની આગવી ઓળખ, લય, લઢણ અને સૌંદર્યશાસ્ત્ર છે. અને એટલે જ એ પૂરી ચેતના સાથે હરણફાળ ભરતું સાહિત્ય બન્યું છે. ``દલિત સાહિત્ય એ વિચાર છે. જે માનવને પ્રતિષ્ઠિત કરવા ચાહે છે. દેશ, ધર્મ જાતિથી પર ઊઠીને મહાનતા મેળવવા ચાહે છે. દલિત સાહિત્યનું આંદોલન એક એવું આંદોલન છે. જે ક્રાંતિના માધ્યમથી સમતા, સ્વતંત્રતા, બંધુત્વ અને સામાજિક ન્યાય ઇત્યાદિ મૂલ્યોની સ્થાપના

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

માટે સંકલ્પબદ્ધ છે."[૭] દલિત સાહિત્યની સંકલ્પનાને વ્યાપક અને વિશાળ રૂપમાં જોતાં કહી શકાય કેઃ– પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે ઝઝૂમતા પણ કચડાયેલા મનુષ્યની હૃદયગત વેદનાની અનુભૂતિને શબ્દો દ્વારા આત્મસાત કરવાવાળી કોઇ પણ સર્જક કૃતિને વ્યાપક અર્થમાં દલિત સાહિત્યરૂપે સ્વીકાર કરીને દલિત સાહિત્ય માત્ર દલિતોનું, દલિતો માટે અને દલિતો દ્વારા લખાયેલું સાહિત્ય છે. એવા વિચારોને તિલાંજલિ આપવી જોઇએ. કારણ કે દલિત સાહિત્યની ચળવળ આર્થિક લાભ માટે નહીં પણ આદર્શ અને સિદ્ધાંતની લડત છે અને જે નિખરી પણ રહ્યું છે.

**સંદર્ભગ્રંથ**

૧ સંસ્કૃત– અંગ્રેજી જોડણીકોશઃ વામન શિવરામ આપ્ટે.
૨ ભગવદ્ગોમંડળ– ભાગ–5, પૃ. 4333
૩ સ્મારિકા, દલિત પેથર, 14 એપ્રિલ– 1975, પૃ. 14
૪ હિન્દુ વર્ણ વ્યવસ્થા, સમાજ પરિવર્તન અને ગુજરાતના દલિતો, મકરન્દ મહેતા, પૃ. 278
૫ આક્રોશઃતંત્રી ડૉ. રમેશચંદ્ર પરમાર, 14 એપ્રિલ 1978, પૃ. 2
૬ પટેલ દિપક, વિસ્ફોટ, પ્રસ્તાવનામાંથી
૭ વરઠે, ડૉ. ચદ્રકુમાર દલિત સાહિત્ય આદોલન, પૃ. 76